# ગુજરાતનો મહાસંગ્રામ 2012



ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણી આગામી તા. ૧૭મી ડિસેમ્બર-૨૦૧૨ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત આજરોજ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષ સ્થાને ઈવીએમ મશીનનું ઝીરો અને ફર્સ્ટ કોમ્પ્યુટરાઈઝડ રેન્ડમાઈઝેશન જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે વિવિધ રાજકીય પક્ષોના -તિનિધિશ્રીઓની ઉપસથિતિમાં યોજયું હતું. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પી. સ્વરૂપે જણાવ્યું હતું કે ઝીરો રેન્ડમાઈઝેશન એ તાલીમ માટે છે. જયારે ફર્સ્ટ રેન્ડમાઈઝેશન જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા બેઠકની સામાન્ય ચૂંટણીમાં યોજાનાર મતદાન માટે ઈવીએમની વહેચણીનું છે. આજે કરાયેલ ફર્સ્ટ કોમ્પ્યુટરાઈઝડ રેન્ડમાઈઝેશનના ઈવીએમ મશીન ફીઝીકલ રીતે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને તા.૦૬/૧૧/૨૦૧૨ના રોજ આપવામાં આવનાર છે. આ તમામ ઈવીએમ જે તે વિધાનસભા વિસ્તારના ચૂંટણી અધિકારીને સોપી તેને કડક પોલીસ બંદોબસ્ત હેઠળ રાખવામાં આવશે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આઈ.આર.મનસુરીએ ઝીરો અને ફર્સ્ટ કોમ્પ્યુટરાઈઝડ રેન્ડમાઈઝેશનની માહિતી ઉપસથિત સર્વે પક્ષના -તિનિધિઓશ્રીને આપી હતી. દરેક મત વિસ્તારમાં કૂલ મતદાન મથકના ૧૨૦ ટકા ઈવીએમ મશીન આપવામાં આવશે. જેમાં ૨૦ ટકા ઈવીએમ મશીન રીઝર્વમાં રહેશે. રેન્ડમાઈઝેશન દરમ્યાન એકસપેન્ડિચર મોનીટરીંગ સેલના ચીફ નોડલ ઓફિસર શ્રી એમ.ડી.મોડિયા, પાંચ વિધાનસભા મતવિભાગના ચૂંટણી અધિકારીશ્રીઓ સહિત વિવિધ રાજકીય પક્ષના -તિનિધિઓ ઉપસથિત રહયા હતા.

## મહેસાણા જિલ્લામાં ચૂંટણીલક્ષી કામગીરીની સમીક્ષા કરવામાં આવી

ગાંધીનગર, તા. ૫

રાજયમાં ચૂંટણીલક્ષી માહોલ ધીમે ધીમે જામી રહ્યો છે અને એક પછી એક બેઠકોમાં જુદી જુદી કમિટીઓને આપવામાં આવેલી કામગીરીની સમીક્ષા બેઠકો જિલ્લા કલેક્ટર રાજકુમાર બિનિવાલના અધ્યક્ષ સ્થાને યોજાઈ રહી છે. કલેક્ટરે જણાવ્યું હતું કે જિલ્લામાં આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય અને મતદારોમાં પોતાના મતાધિકાર માટે જાગૃતિ આવે તે દિશામાં અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ આગામી તા. ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાઈ રહી છે. આ ચૂંટણીઓ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તેમજ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કોઈપણ જાતના દબાણ કે ભય વગર કરી જન પ્રતિનિધિને ચૂંટી શકે તે માટે ભારતીય ચૂંટણી પંચે ઉમેદવારો અને વ્યક્તિઓએ અનુસરવાની માર્ગદર્શક સૂચનાઓ જારી કરી છે. ચૂંટણી પંચની આ સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે. આ નિયમોનો ભંગ એ ઈન્ડિયન પીનલ કોડ હેઠળ ચૂંટણી સંબંધી ગુનો ગણાશે. તેમણે કહ્યું કે કોઈ પણ મતદારનો મતાધિકાર પોતાની તરફેણમાં કરવા ઈનામ આપીને કે કોઈપણ જાતનું પ્રલોભન કે લાંચ-રૂશ્વતખોરી અપનાવી લલચાવી શકાશે નહીં.

આ અંગે ગુનો સાબિત થશે તો વ્યક્તિને એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને પ્રકારની શિક્ષા થઈ શકે છે. કોઈ પણ મતદારનો મત પોતાની તરફેણમાં કરવા અઘટિત તોર તરીકાનો ઉપયોગ કે હાનિ, નુકાશન કે ઈજા પહોંચાડવી કે તેવું વાતાવરણ ઊભું કરી શકાશે નહીં. આ અંગે ગુનો સાબિત થશે તો વ્યક્તિને એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને પ્રકારની શિક્ષા થઈ શકે છે એમ તેમણે ઉમેર્યું હતું.

કલેકટરે તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોઈપણ ઉમેદવાર કે મતદાર, હયાત કે મૃત્યુ પામેલ વ્યક્તિનું નામ કે કાલ્પનિક નામ અથવા તેનો વેશ ધારણ કરી મતદાન કરી શકશે નહીં. આ અંગે ગુનો સાબિત થશે તો એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને પ્રકારની શિક્ષા થઈ શકે છે. ચૂંટણી સંબંધી કે તેના પરિણામને અસર કરે તેવું કોઈ ઉમેદવાર દ્વારા અથવા વ્યક્તિગત ચારિત્ર્યનું હનન કરતું ખોટું નિવેદન કરવું કે જે ચૂંટણી કે તેના પરિણામને અસર કરે તેમ હોય તેના માટે દંડ સાથે સજા થઈ શકે છે.

ઉપરાંત ચૂંટણી ખર્ચ સંબંધી હિસાબો રાખવામાં નિષ્ફળતા અને ચૂંટણી સંબંધી જાહેરાતો, જાહેર સભાઓ, પ્રકાશનો, પરિપત્રો વગેરે માટે ખોટા ખર્ચા દર્શાવી શકાશે નહીં. આ માટે સજા અને દંડ થઈ શકે છે.

## વર્ષ ૨૦૦૭ના બિન માન્યતાપ્રાપ્ત પક્ષો

અમદાવાદ, તા. ૫

વર્ષ ૨૦૦૭માં નાના પક્ષો મોટી સંખ્યામાં ઊભરી આવ્યા હતા. ૨૮ પક્ષો ૨૦૦૭માં હતા અને આ પક્ષોએ ૧૩૯ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. ૨૦૦૭માં બિન માન્યતાપ્રાપ્ત પક્ષોની યાદી નીચે મુજબ છે.

- અખીલ ભારતીય કોંગ્રેસ દળ (આંબેડકર)
- અખીલ ભારત હિંદુ મહાસભા
- અખીલ ભારતીય જન સંઘ
- અખીલ ભારતીય માનવ સેવા દળ
- અખીલ ભારતીય રામ રાજ્ય પરિષદ
- આદિવાસી સેના પાર્ટી
- આદર્શ પોલિટિકલ પાર્ટી
- ભારતીય જનક્રાંતિ પાર્ટી
- ભારતીય જન શક્તિ
- ગોન્ડવાના ગણતંત્ર પાર્ટી
- ગુજરાત યુવા વિકાસ પાર્ટી
- ઈન્ડિયન જસ્ટિસ પાર્ટી
- જનમંગલ પક્ષ
- લોક પરિત્રાણ
- લોકપ્રિય સમાજ પાર્ટી
- લોકતાંત્રિક સમાજવાદી પાર્ટી
- નેશનલ લોક તાંત્રિક પાર્ટી
- નેશનલ સિક્યુરિટી પાર્ટી
- ન્યૂ સોશિયાલિસ્ટ મુવમેન્ટટ
- પીપલ્સ રિપબ્લિકન પાર્ટી
- રાષ્ટ્રીય કોમી એકતા પાર્ટી
- રિપબ્લીકન પાર્ટી ઓફ ઈન્ડિયા (એ)
- રિપબ્લીકન પાર્ટી ઓફ ઈન્ડિયા
- રાષ્ટ્રીય સિંધી કોંગ્રેસ
- સમાજવાદી જનતા પાર્ટી
- સરદાર પટેલ કોંગ્રેસ પાર્ટી
- વિશ્વ હિંદુસ્તાની સંગઠન

## ગાંધીનગર બાદ જૂનાગઢ કોંગ્રેસના બે કોર્પોરેટરો ભાજપમાં જોડાયા

### કોંગ્રેસના કોર્પોરેટરો શહેનાઝ કુરેશી અને રઝાક મહિડાને સ્થાનિક ધારાસભ્યએ ભાજપનો ખેસ વિધિવત પહેરાવ્યો

અમદાવાદ, તા. ૫

પાટનગર ગાંધીનગરમાં કોંગ્રેસ શાસિત મહાનગરપાલિકા ભાજપે આંચકી લીધા બાદ જૂનાગઢ મહાનગરપાલિકાના કોંગ્રેસના બે કોર્પોરેટરોએ રાજીનામા આપી દેતા કોંગ્રેસની છાવણીમાં ફફડાટ વ્યાપી ગયો છે. જૂનાગઢના બે કોંગ્રેસી કોર્પોરેટરો શહેનાઝ કુરેશી અને રઝાક મહિડાએ મ્યુનિ. કમિશનરને રાજીનામાં સોંપી દીધા છે. આ બંને કોંગ્રેસી કોર્પોરેટરો ભાજપમાં જોડાઈ ગયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા સહિત ત્રણ કોર્પોરેટરો કોંગ્રેસને રામ રામ કરીને ભાજપમાં જોડાયા બાદ જૂનાગઢ મહાનગર પાલિકાના કોંગ્રેસના બે કોર્પોરેટરોએ રાજીનામા આપી દીધા છે. આ બંને કોર્પોરેટરો ભાજપમાં જોડાઈ ગયા છે. ભાજપના ધારાસભ્ય મહેન્દ્ર મશરૂએ બંને લઘુમતી સમાજના કોર્પોરેટરોને ભાજપનો ખેસ પહેરાવીને આવકાર્યા હતા. સૂત્રોએ ઉમેર્યું હતું કે, જૂનાગઢમાં કોંગ્રેસનું મહાસંમેલન યોજાઈ રહ્યું છે અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ તથા કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલા મંગળવારે જૂનાગઢ આવી રહ્યા છે. કોંગ્રેસ નેતાઓના આગમન પૂર્વે જ ભાજપે કોંગ્રેસના બે કોર્પોરેટરોને પોતાની છાવણીમાં લઈ લીધા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી ટાણે જ પાટલી બદલુઓના ભાવ વધી ગયા છે. જો કે મતદારો ક્યારેય પાટલી બદલુઓને સ્વીકારતા નથી તે જુદી વાત છે. વિધાનસભાની ચૂંટણી પહેલા જ ભાજપ દ્વારા આક્રમક જુદી જ વ્યૂહરચના અપનાવવામાં આવતા ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. કોંગ્રેસના કાર્યકરો વળતી લડત આપવાના પ્રયાસ કરી રહ્યા છે.

### હરીફોના મતમાં ગાબડા પાડવા નાના પક્ષો સક્રિય

# વિધાનસભાની ચૂંટણી પૂર્વે પ્રોક્સી વારનો તખ્તો તૈયાર

### ૨૦૦૭ની ચૂંટણીમાં ૨૮ નાના પક્ષોએ ૧૩૯ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા પરંતુ ૧૩૮ની ડિપોઝીટ જપ્ત થઈ

અમદાવાદ,તા.૫

વિધાનસભાની ચૂંટણીમાં મોટા રાજકીય પક્ષોની ગણતરી ઊંધી પાડવાના હેતુસર આ વખતે પણ અનેક નાના પક્ષો મેદાનમાં ઉતરી ચૂક્યા છે.

વર્ષ ૨૦૦૭માં એકાએક નાના પક્ષો મોટી સંખ્યામાં વધી રહ્યા હતા. ૨૦૦૭માં નાના પક્ષોની નોંધણી ૨૮ જેટલી થઈ હતી પરંતુ માન્યતા ન હતી. આ ૨૮ પક્ષોએ સરેરાશ છથી વધુ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા ન હતા. ગુજરાત રાજયની રચના કરવામાં આવ્યા બાદ આવા પક્ષોની સંખ્યા સૌથી વધારે નોંધાઈ હતી. નવા નવા નામ સાથે ૨૦૦૭ની ચૂંટણીમાં રાજકીય પક્ષો મેદાનમાં ઉતરી પડ્યા હતા. નાના પક્ષોએ ૧૩૯ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા પરંતુ આ ઉમેદવાર પૈકી એક પણ ઉમેદવારની જીત થઈ ન હતી અને ૧૩૮ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ પણ ગુમાવી દીધી હતું. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે કેટલાક નાના પક્ષોએ યોજના પૂર્વક આ હિલચાલ હાથ ધરી હતી. રાજકીય સમીકરણો બદલવા આ ગણતરી હાથ ધરાઈ હતી. ૧૯૯૦ અને ૧૯૯૫માં ક્રમશ ૧૬ અને ૧૫ જેટલા પક્ષો હતા. રાજ્યમાં શાસન પરિવર્તનની ગણતરી એ વખતે પણ કરવામાં આવી હતી. ૧૯૯૦માં જનતાદળના ચીમનભાઈ પટેલની વ્યૂહરચના જાણીતી બની હતી. કોંગ્રેસ પાસેથી ચીમનભાઈ પટેલે સત્તા આંચકી લીધી હતી. ૧૯૯૫માં ભાજપ પ્રથમ વખત સત્તા ઉપર આવ્યું હતું. રાજકીય પંડિતો માને છે કે જ્યારે પણ પરિવર્તન માટે અથવા તો શાસન વિરોધી પરિબળ સક્રિય થાય છે ત્યારે નાના પક્ષો આવી જ ભૂમિકામાં આવી જાય છે. રાજકીય પંડિતો માને છે કે તેમના હરિફોના મતબેંકમાં ગાબડા પાડવા મોટા પક્ષો દ્વારા આવા પક્ષોની રચના કરવામાં આવે છે. આવા ઉમેદવાર ખૂબ ઓછા મત મેળવે છે. ૨૦૦૭ની ચૂંટણીમાં હિંદુત્વ અથવા ભારતીય અને આદિવાસીના નામે પક્ષોની રચના કરાઈ હતી. ૧૯૭૫ સિવાય નાના પક્ષો ચૂંટણીમાં કોઈ અસર છોડી શક્યા નથી.

૧૯૭૫માં કિસાન મજદૂર લોક પક્ષે ૧૨ બેઠક જીતી લીધી હતી. ૧૯૬૨ અને ૧૯૯૦માં ૪૭ અને ૩૨૨ ઉમેદવાર પૈકી માત્ર એક એક ઉમેદવારની જીત થઈ હતી. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીમાં નાના પક્ષો દ્વારા હજુ સુધી ૧૧૪૮ ઉમેદવારો ઉતારવામાં આવ્યા છે. માત્ર ૧૫ જ લડાઈ જીતી શકે તેવી સ્થિતિમાં છે. ૨૦૧૨માં વધુ પક્ષો મેદાનમાં આવી શકે છે. આ વખતે પણ રાજયમાં પરિવર્તન માટે ચળવળ શરૂ થઈ ચૂકી છે.

## ગુજરાત હિત પાર્ટીએ ચૂંટણી માટે ૭૦ ઉમેદવારોની યાદી તૈયાર કરી

**ગાંધીનગર ઉત્તર અને દક્ષિણમાંથી પાર્ટીના અધ્યક્ષ ભીમજીભાઈ, માણસા બેઠક પરથી ભરતભાઈ રામભાઈ પટેલ, કલોલ બેઠક પરથી કરશનભાઈ રાજુભાઈ પટેલ અને દહેગામ બેઠક પરથી મહેશભાઈ હરિભાઈ ઠાકોર ચૂંટણી જંગમાં ઝંપલાવશે**

ગાંધીનગર, તા. ૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીકમાં છે ત્યારે ગુજરાત હિત પાર્ટીએ ૭૦ ઉમેદવારોની યાદી તૈયાર કરી દીધી છે.

ગુજરાત હિત પાર્ટીના અધ્યક્ષ ભીમજીભાઈ ડી. પ્રજાપતિએ ચૂંટણી સંદર્ભે ૭૦ ઉમેદવારોનાં નામ જાહેર કર્યાં છે, જેમાં ગાંધીનગર ઉત્તર અને દક્ષિણમાંથી પાર્ટીના અધ્યક્ષ ભીમજીભાઈએ પોતે જ ઉમેદવારી નોંધાવવાનું નક્કી કર્યું છે. આ ઉપરાંત માણસા બેઠક પરથી હિત પાર્ટીના ભરતભાઈ રામભાઈ પટેલ, કલોલ બેઠક પરથી કરશનભાઈ રાજુભાઈ પટેલ અને દહેગામ બેઠક પરથી મહેશભાઈ હરિભાઈ ઠાકોર ચૂંટણી જંગમાં ઝંપલાવશે.

પાર્ટીના અધ્યક્ષે જિલ્લાની બેઠકો ઉપરાંત અબડાસા, માંડવી, ભૂજ, રાજકોટ સહિતની વિવિધ ૭૦ બેઠકો પર ઉમેદવારોને ચૂંટણી મેદાનમાં ઉતારવા યાદી તૈયાર કરી દીધી છે.


### પાકિસ્તાનના હવાઈ હુમલામાં વિમાન તૂટી પડતાં અવસાન

# ચૂંટણી લડ્યા વિના બળવંતરાય ગુજરાતના મુખ્યમંત્રી બની ગયા

### ગૃહમંત્રી હિતેન્દ્ર દેસાઈ સભાગૃહના નેતા બન્યાં તે ઘટના વિધાનસભાના ઈતિહાસમાં -થમ હતી

**॥ પાંચમો મણકો ॥**


બીજી વિધાનસભાની રચના ત્રીજી માર્ચ-૧૯૬૨ના રોજ અને તેના -થમ સત્રની શરૂઆત ૧૭મી માર્ચ-૧૯૬૨ના રોજ થઈ હતી. ગુજરાત રાજયના બીજા મંત્રીમંડળનો સોગંદવિધિ મુખ્યમંત્રી ડૉ.જીવરાજ મહેતાની આગેવાની નીચે ૮મી માર્ચ-૧૯૬૨ના રોજ થયો હતો. આ મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત આઠ કેબિનેટ મંત્રી, આઠ નાયબ મંત્રી અને એક સંસદીય સચિવ હતા.



આ વિધાનસભા કુલ ૧૫૪ સભ્યોની હતી, તેમાં કોંગ્રેસના ૧૧૩ અને ૪૧ સભ્યો વિરોધપક્ષે હતા. બીજી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે ૧૯-૩-૬૨ના રોજ ફતેહઅલી પાલેજવાળા ચૂંટાયા હતા. વિરોધપક્ષના નેતા તરીકે સ્વતંત્ર પક્ષના ભાઈલાલભાઈ પટેલ નિમાયા હતા.

**ગુજરાતની ભૂમિના રાજા**

**- ગૌતમ પુરોહિત**



બીજી વિધાનસભામાં સ્વતંત્ર પક્ષ અને અપક્ષ ધારાસભ્યોનું બળ ઉપસ્યું હતું. જેમાં રતિભાઈ ઉકાભાઈ પટેલ, ઈશ્વરભાઈ દેસાઈ (પીએસપી), ગંગારામ રાવલ, બ્રહ્મકુમાર ભટ્ટ, મનુભાઈ પાલખીવાલા, નરભેરામ પાણેરી, નારાણદાસ પોપટ, રાજકોટ યુવરાજ મનોહરસિંહજી જાડેજા, ધ્રોળ ઠાકોર ચંદ્રસિંહજી, વાંકાનેર યુવરાજ દિગ્વિજસિંહજી, ભાવનગર યુવરાજ શિવભદ્રસિંહજી ગોહિલ, જસવંત મહેતા, -તાપભાઈ શાહ, રણજીત શાસ્ત્રી અને શિવકુમાર ખાચર જેવા અભ્યાસુ સભ્યો હતા. બાબુભાઈ વૈદ્યની નેતાગીરી નીચે અપક્ષ સભ્યોના સ્વતંત્ર -ગતિક જૂથની રચના કરવામાં આવી હતી.

ડૉ.જીવરાજ મહેતાએ ૧૯મી માર્ચ-૬૩ના રોજ રાજીનામું આપતાં, બળવંતરાય મહેતાની ૧૯મી સપ્ટેમ્બર-૬૩ના રોજ મુખ્યમંત્રી તરીકે વરણી થઈ હતી. તેમના મંત્રીમંડળમાં સાત મંત્રીઓ અને આઠ નાયબ મંત્રીઓ હતા.

જીવરાજ મહેતાને હટાવવા માટે ઝૂંબેશ શરૂ થઈ હતી ત્યારે ડૉ.બળવંતરાય મહેતા ૧૯૬૨ની વિધાનસભાની ચૂંટણીમાં હારી ગયા હતા. તેઓ મુખ્યમંત્રી નિમાતા તેમણે છ માસની અંદર વિધાનસભાના સભ્ય બનવું જરૂરી હતું. તેમના માટે શિહોરના ધારાસભ્ય ભોગીલાલ લાલાણીએ રાજીનામું આપી બેઠક ખાલી કરતાં, બળવંતરાય મહેતા તે જગ્યા પરથી પેટાચૂંટણીમાં ચુંટાઈ આવ્યા હતા. એ સમયે આવી રીતે બેઠક ખાલી કરી આપવાની સગવડ કરનારા ધારાસભ્યને બોર્ડ-નિગમના ચેરમેન બનાવવાની -થા ન હતી.

બળવંતરાય મહેતા એક જૂના કોંગ્રેસી કાર્યકર હતા. તેઓ જૂના સૌરાષ્ટ્ર રાજયમાં રેલવે અને ગૃહમંત્રી હતા અને સ્થાનિક સ્વરાજ કેળવણી અને સહકાર ખાતાઓ પણ સંભાળતા હતા. ૧૯૫૨માં -થમ લોકસભાની ચૂંટણી થતાં તેઓ લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓ લોકસભાની અંદાજ સમિતિના ચેરમેન પણ બનેલા હતા તેમજ સામુહિક વિકાસ અને રાષ્ટ્રીય વિસ્તરણ સેવા ઘટકોની કામગીરીની તપાસ માટે રચવામાં આવેલ સમિતિના પણ અધ્યક્ષ હતા. મહેતા દ્વારા નિમાયેલી આ સમિતિના આધારે આજે દેશમાં પંચાયતીરાજનો અમલ થઈ રહ્યો છે. તેઓ લાલા લાજપતરાયે સ્થાપેલ સર્વન્ટસ ઓફ ધી પીપલ સોસાયટી ના સભ્ય હતા, જેમાં તેઓએ આજીવન સેવાઓ આપી હતી.

વિધાનસભાના નિયમો અનુસાર નાણામંત્રી ગુજરાત વિધાનસભાની નાણાકીય સમિતિના એક્સ ઓફિશિયો -મુખ થતા હતા. તેમણે આ નિયમોમાં સુધારો કરી અને સમિતિના -મુખ તરીકે અન્ય સભ્યોને નિમવાની -થા સૌ -થમ વખત શરૂ કરી હતી. અંદાજ સમિતિના -થમ -મુખ તરીકે ચંદ્રવદન ભટ્ટ અને જાહેર હિસાબ સમિતિના -મુખ તરીકે પોપટભાઈ કક્કડની નિમણુંક કરવામાં આવી હતી. બળવંતરાય મહેતા વિધાનસભાના સભ્ય ન હોવાથી ગૃહમંત્રી હિતેન્દ્ર દેસાઈની સભાગૃહના નેતા તરીકે નિમણુંક કરવામાં આવી હતી. આ ઘટના ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં -થમવાર નોંધાઈ હતી.

રાજકીય શતરંજના દાવ ૧૯૬૦થી ગુજરાતમાં શરૂ થયાં હતા. ડૉ. જીવરાજ મહેતાની જેમ બળવંતરાય મહેતાના શાસનમાં પણ કચવાટ ચાલુ રહ્યો હતો. મોટાભાગના ગાંધીવાદી નેતાઓ શાસનમાં હતા છતાં સત્તા માટેની લડાઈમાં નેતૃત્વ સામે બંડ પોકારવામાં નાનપ કોઈ નેતાએ અનુભવી નથી. ખુદ બળવંતરાય સામાન્ય ચૂંટણીમાં ભાવનગરની બેઠક પર બેન્કની નોકરી છોડીને ઉભા રહેલા -તાપ શાહની સામે હારી ગયા હતા. એ આંતરિક મતભેદનો પરચો હતો. તેમના પછી હિતેન્દ્ર દેસાઈ આવ્યા ત્યારે કે સત્તાનું ત્રાજવું સૌરાષ્ટ્રથી દક્ષિણ ગુજરાત તરફ વળી ગયું હતું.

મુખ્યમંત્રી બન્યા પછી બળવંતરાય પેટા ચૂંટણી લડ્યા હતા અને વિજયી બન્યાં હતા. તેમના અવસાન પછી હિતેન્દ્ર દેસાઈ દોર સંભાવ્યો હતો. આ દરમ્યાન ભાઈકાકાએ વિપક્ષના નેતા તરીકે ફરજ બજાવી હતી. આ નેતાની ૧૯૬૨ થી ૧૯૬૮ સુધીની વિપક્ષી કારકિર્દીમાં નર્મદા યોજનાનો પહેલો સંકલ્પ તેમનો હતો એ ગુજરાતે ભૂલવું ન જોઈએ.

આ કાર્યકાળમાં પાકિસ્તાન યુદ્ધના કારણે ગુજરાતમાં અજંપો રહ્યાં કરતો હતો. કચ્છ અને સૌરાષ્ટ્રના ગામડાં સુધી પાકિસ્તાનના હુમલા વિસ્તર્યા હતા. જામનગર, દ્વારકા અને ઓખામાં બોમ્બ ઝીકાયા હતા. ૨૧ દિવસ સુધી ચાલેલા યુદ્ધમાં મુખ્યમંત્રી શહિદ થઈ ગયા હતા. આ વર્ષે જ ગુજરાતમાં પોલીસ વડા જે.ડી.નગરવાલા સામે કૌભાંડના આક્ષેપો થયાં હતા. ન્યાયમૂર્તિ બી.જે.દિવાનના પંચે તેમને ગુનેગાર ઠેરવ્યાં હતા. આઈજીપી નગરવાલાને ૧૮મી નવેમ્બર-૧૯૬૩માં સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા ત્યારથી ગુજરાત પોલીસ તંત્રમાં ખેંચતાણ શરૂ થઈ હતી.

ઈ.સ. ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાનનું યુદ્ધ થતાં ૧૯મી સપ્ટેમ્બર-૧૯૬૫ના કમનસીબ દિવસે તેઓ કચ્છની સરહદનું નિરીક્ષણ કરવા માટે વિમાનમાં નિકળ્યા હતા, ગુજરાત વિધાનસભા સચિવાલયમાંથી તેમના કાર્યાલયમાં નિમાયેલા ગુજરાતી -તિવેદક રાજયગુરુને લઈ જવાના હતા પરંતુ તેમના અંગત સચિવે જવાનો આગ્રહ રાખતાં રાજયગુરુને ન લઈ જતાં તેમને સ્થાને અરોરાને લઈ ગયા હતા.

કચ્છ સરહદ ઉપર પાકિસ્તાનના હવાઈદળના હુમલાથી તેમનું વિમાન કચ્છના સુથરી ગામે તુટી પડતાં વિમાનમાં બેઠેલા તમામના અવસાન થયા હતા. આ સમયે એક બાબતે ધ્યાન દોરવું જરૂરી છે કે, ૧૯મી સપ્ટેમ્બર-૧૯૬૩ના રોજ તેઓ સત્તા પર આવ્યા હતા અને ૧૯મી સપ્ટેમ્બર-૧૯૬૫ના રોજ તેઓ મૃત્યુ પામ્યા હતા. આમ બંને બનાવો યોગાનુયોગ ૧૯મી સપ્ટેમ્બરના રોજ બન્યા હતા. (ક્રમશઃ)